ક્રમાંક: ક-૩/પરચ/૨૦૨૬/૩૮૯૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા. ૧૭/ ૦૪ /૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
(ગુજરાત બોર્ડ, CBSE અને અન્ય તમામ બોર્ડ સંલગ્ન),
જિ. વડોદરા.

**વિષય: રાજયમાં પ્રવર્તતી 'હીટવેવ'(લૂ) ની સ્થિતિને ધ્યાને રાખી શાળાના સમયમાં ફેરફાર કરવા બાબત.**
**સંદર્ભ: કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી ના પત્ર ક્રમાંક ડીઝાસ્ટર/વશી/૧૬૮/૨૦૨૬ તા.૧૫/૦૪/૨૦૨૬ અન્વયે.**

જય ભારત સાથે જણાવવાનું કે,

હવામાન વિભાગની આગાહી અને વર્તમાન સૂચનાઓ અનુસાર સમગ્ર ગુજરાત સહિત વડોદરા જિલ્લામાં ગરમીનું પ્રમાણ અતિશય વધી રહ્યું છે અને આગામી દિવસોમાં 'હીટવેવ'ની સ્થિતિ પ્રબળ બનવાની શક્યતા છે. આ કાળઝાળ ગરમીમાં શાળાએ આવતા નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર વિપરીત અસર ન પડે તે હેતુથી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપવામાં આવે છે:

૧. શાળાના સમયમાં ફેરફાર

- તમામ શાળાઓએ (પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક) બપોરની પાળીને બદલે સવારની પાળી (Morning Shift) રાખવાની રહેશે.
- શાળાનો સમય આચાર્યશ્રીએ એ રીતે રાખવો , જેથી વિદ્યાર્થીઓ બપોરની આકરી ગરમી પહેલા ઘરે સુરક્ષિત પહોંચી શકે.

૨. આરોગ્યલક્ષી સાવચેતીઓ

- શાળાના પટાંગણમાં પીવાના ઠંડા અને શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા રાખવી.
- વર્ગખંડોમાં પંખા ચાલુ સ્થિતિમાં હોય તેની ખાતરી કરવી.
- વિદ્યાર્થીઓને રિસેસ દરમિયાન કે છૂટતી વખતે સીધા તડકામાં ન ઊભા રાખવા.
- જો કોઈ વિદ્યાર્થીને ગરમીને કારણે અસ્વસ્થતા જણાય, તો તાત્કાલિક પ્રાથમિક સારવાર મળે તેવી વ્યવસ્થા રાખવી (ORS પેકેટની સુવિધા રાખવી હિતાવહ છે).

૩. અન્ય સૂચનાઓ

- વિદ્યાર્થીઓને ગરમીથી બચવા માટે ટોપી કે રૂમાલનો ઉપયોગ કરવા અને હળવા સુતરાઉ કપડાં પહેરવા પ્રોત્સાહિત કરવા.
- ખુલ્લા મેદાનમાં લેવાતી પ્રાર્થના સભા કે રમતગમતની પ્રવૃત્તિઓ હાલ પૂરતી મુલતવી રાખવી અથવા શેડ નીચે લેવી.

ઉપરોક્ત સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી તમામ બોર્ડ (GSEB/CBSE/ICSE) ની શાળાઓએ કરવાનો રહેશે. આ બાબતે કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

**<u>નકલ રવાના તેમજ સવિનય જાણ સારું:</u>**

૧. માનનીય કલેક્ટર શ્રી, વડોદરા (જાણ સારું).
૨. તમામ શિક્ષણ નિરીક્ષક શ્રીઓ (અમલીકરણ કરાવવા સારું).

Scanned with CamScanner